ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ,
ગાંધીનગરની મંજૂર થયેલ હંગામી જગ્યાઓ ચાલુ
રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/GVV/e-file/17/2022/0003/A Section
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૦૨/૨૦૨૪

વંચાણે લીધા:
(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૩/૦૧/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૧૨૦૧૪/૬૯૬૧૧૮/અ
(૨) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૩/૦૧/૨૦૨૪નો પત્રક્રમાંક: ગુ.વિ.વિ.વિ.નિ./મહેકમ/૨૦૨૩-૨૪/૬૩

**આમુખ:**

વંચાણે લીધા ક્રમાંક (૧)ના ઠરાવથી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ ગાંધીનગરના હંગામી મહેકમની ૮ જગ્યાઓને તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ. જેની મુદત પૂર્ણ થનાર હોઈ, વંચાણે લીધા ક્રમાંક (૨)ના પત્રથી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ ગાંધીનગરના હંગામી મહેકમની ઉક્ત ૮ (આઠ) જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવા નિગમે દરખાસ્ત કરેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની નીચે મુજબની કુલ ૮ (આઠ) જગ્યાઓને આ ઠરાવમાં દર્શાવ્યા મુજબની શરતોને આધીન તા:૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**હંગામી જગ્યાઓ:**

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **જગ્યાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેક્ટર (નાયબ નિયામક(વિ.જા.), વર્ગ-૧) | ૦૧ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ-૨) | ૦૧ |
| ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(અધિક્ષક, વર્ગ-૩) | ૦૧ |
| ૪ | સીનીયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૨ |
| ૫ | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૨ |
| ૬ | સ્ટેનો ગ્રેડ-૨ (વર્ગ-૩) | ૦૧ |
| | **કુલ** | **૦૮ (આઠ)** |

**શરતો:-**

૧. એબેયન્સમાં મૂકવામાં આવેલ જગ્યાને ભરતા પહેલા નાણા વિભાગ(કરકસર પ્રભાગ)નો પરામર્શ કરી એબેયન્સમુક્ત કરાવી લેવાની રહેશે.

૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૩.પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરવી લેવાની રહેશે.

૪.આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૫.આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૬. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.

૭. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૮. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

૯. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

૧૦. નાણા વિભાગના તા.૨૬/૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z.1 ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૧૧. નાણા વિભાગના તા.૨૬/૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2022/2282/Z.1 ની જોગવાઈ મુજબ વિભાગે જગ્યાને કાયમી કરવાની પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રીના પરામર્શમાં સક્ષમ કક્ષાએથી તા.૦૫/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

eSign
Signed by: HARIT RAJENDRA DOSHI
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 27-Feb-2024 (12:31 PM)

(હરિત આર. દોશી)

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

• નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)સચિવાલય, ગાંધીનગર.
• એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
• મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
• પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર(ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ મારફત)
• સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ...
• શાખા સિલેક્ટ ફાઇલ.
• નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.